## જોઇએ છે હેડ કલાર્ક -૧ (બિન અનામત) અને જૂનિયર કલાર્ક -૧ (SEBC)

સંયુક્ત શિક્ષણ નિયામકશ્રી (કોલેજ), ગાંધીનગરથી મળેલ N O C અનુસાર સંખેડા સાર્વજનિક એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત કાપડિયા નગીનદાસ મગનલાલ માણેકલાલ સાર્વજનિક આર્ટસ કોલેજ એન્ડ ધી સંખેડા નાગરિક સહકારી બેંક સાર્વજનિક કોમર્સ કોલેજ સંખેડા માટે ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીના પત્ર ક્રમાંક :- કવટ/ISC-૩/વર્ગ ૩/NOC/૨૨૯૯૫-૯૭,તા.૧૯-૦૯-૨૦૨૫ પત્રથી હેડ કલાર્ક -૧ (બિન અનામત) અને જૂનિયર કલાર્ક -૧ (SEBC) માટે ભરતી કરવાની છે. રાજ્ય સરકારના સામાન્ય વહીવટી વિભાગ, નાણા વિભાગ અને ગૌણ સેવા પસંદગી મંડળ પ્રસ્થાપિત નિયમો મુજબ લાયકાત રહેશે અને ગૌણ સેવા પસંદગી મંડળના નીયમો મુજબ પરીક્ષા લેવામાં આવશે. ભરતી સબંધિત જરૂરી માહિતી, સૂચનાઓ અને પરીક્ષાનું પરિણામ કોલેજની વેબસાઈટ www.sankhedacollege.co.in ઉપર મુકવામાં આવશે અને અરજી કરનાર ઉમેદવારે સમયાતરે કોલેજની વેબસાઈટ જોવાની રહેશે.

ઉમેદવારે લેખિત પરીક્ષાનો અભ્યાસક્રમ અને પરીક્ષાના માળખા પ્રમાણે લેખિત પરીક્ષા આપવાની રહેશે. નિમણુંક પામેલ ઉમેદવારને રાજ્ય સરકારના નિયમો પ્રમાણે પાંચ વર્ષ માસિક ફિક્સ પગાર મળશે. ઉમેદવાર કોમ્પ્યુટરના ઉપયોગ અંગે પાયાની જાણકારી ધરાવતા હોવા જોઈએ. આ નિમણૂંક કોલેજની વિદ્યાર્થીઓની સંખ્યા જળવાઇ રહે ત્યાં સુધીની રહેશે. હંગામી નિમણુંકની મુદતથી પાંચ વર્ષ બાદ પસંદ થયેલ ઉમેદવારની કામગીરીની સમીક્ષા કરીને લઘુત્તમ પગાર ધોરણમાં કાયમી નિમણુંક આપવામાં આવશે. નિમણુંક પામનાર ઉમેદવારને ઉપર જણાવેલ N.O.C ની શરતો તેમજ સંસ્થાએ નિયત કરેલ તમામ શરતો બંધનકર્તા રહેશે. ઉમેદવારોએ જાહેરાત પ્રસિધ્ધ થયેથી દિન-૧૫ સુધીમાં આર.પી.એ.ડી થી અરજી કરવાની રહેશે. અરજી સાથે તમામ ગુણપત્રકો, લીવીંગ સર્ટિ, કોમ્પ્યુટરની જાણકારી સાથેના પ્રમાણપત્રોની પ્રમાણિત નકલો બીડી અને સાથે પોતાના સરનામાં વાળા ૯"*૪ સાઈઝના કવર પર રૂ. ૪૦ ની ટપાલ ટીકીટ ચોંટાડીને સંખેડા સાર્વજનિક એજ્યુકેશન ટ્રસ્ટના સરનામે મોકલવાની રહેશે. કોઈ પણ રીતે અધુરી અરજી અમાન્ય ગણાશે.

**નોંધ -** અરજદારે પોતાની અરજીમાં ભારતમાં પ્રસ્થાપિત થયેલી કોઈપણ પ્રકારના કાયદા હેઠળ તેમની સામે કાર્યવાહી ચાલુ હોય કે દોષિત થયેલા હોય કે કોઈપણ પ્રકારની સંસ્થામાંથી ફરજીયાત નિવૃત્તી, રુખસદ કે બરતરફ થયેલા હોય તે તમામ વિગતો અરજીમાં જણાવવાની રહેશે અને જો કોઈ અરજદાર આવી માહિતી નહિ જણાવે તો તેની અરજી રદ કરવામાં આવશે.

**ખાસ નોંધ :** સદર દરેક જગ્યા માટે અલગથી અરજી કરવાની રહેશે.

**અરજી કરવા માટે નું સરનામું :**

**પ્રમુખશ્રી / મંત્રીશ્રી, સંખેડા સાર્વજનિક એજ્યુકેશન ટ્રસ્ટ,**
C/O, આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, સંખેડા કબીર મંદિર ની સામે, સ્ટેશન રોડ,
મુ. સંખેડા, તાલુકો : સંખેડા, જીલ્લો છોટાઉદેપુર, પીન કોડ : ૩૯૧૧૪૫

Scanned with OKEN Scanner